**VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY**
University Campus, Udhna-Magdalla Road, SURAT – 395 007
**વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી**
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના–મગદલ્લા રોડ, સુરત – ૩૯૫ ૦૦૭
**(Accredited B++ equivalent to Five Star status by NAAC)**

✆ : 2227141 to 2227146 ✆ : ૨૨૨૭૧૪૧ થી ૨૨૨૭૧૪૬
**Fax** : (0261) 2227312 **ફેકસ** : (૦૨૬૧) ૨૨૨૭૩૧૨
**Gram** : VNSGU **તાર** : વીએનએસજીયુ
**E-mail :** sgu@sguernet.in

**ખાનગી** **સિન્ડિકેટની સામાન્ય ભા**

**ફકત સભ્યોની જાણ માટે** **તા. ૨૪ – ૯ – ૨૦૦૮**

સિન્ડિકેટની સામાન્ય સભા બુધવાર, તા. ૨૪ – ૯ – ૨૦૦૮ ના રોજ બપોરે ૧ : ૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

## : કાર્યવાહી :

| ક્રમ | સભ્યોના નામ | તા. ૨૪–૯–૨૦૦૮ |
|---|---|---|
| ૧. | ડૉ. બી. એ. પ્રજાપતિ (મા. કુલપતિશ્રી) | હાજર |
| ૨. | ––– | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજયુકેશન અથવા તેમના પ્રતિનિધિ. | ગેરહાજર |
| ૬. | આ. ડૉ. ભાસ્કર મહેન્દ્ર રાવલ | હાજર |
| ૭. | આ. શ્રી જયંતીલાલ મગનલાલ નાયક | હાજર |
| ૮. | ડૉ. વિનોદરાય બાલુભાઈ પટેલ | હાજર |
| ૯. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ | હાજર |
| ૧૦. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૧. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |
| ૧૨. | શ્રી સંજયકુમાર ઇશ્વરલાલ દેસાઈ | હાજર |
| ૧૩. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૪. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | હાજર |
| ૧૫. | ડૉ. વિપુલ જમનાદાસ સોમાણી | હાજર |
| ૧૬. | આ.ડૉ. ઉપેન્દ્રભાઈ ઠાકોરભાઈ દેસાઈ | હાજર |
| ૧૭. | શ્રી મયૂરભાઈ ચૌહાણ | હાજર |
| ૧૮. | આ. શ્રી યોગેશભાઈ લક્ષ્મીશંકર ભટ્ટ | હાજર |
| ૧૯. | શ્રી દિનેશભાઈ દાસા | હાજર |
| ૨૦. | ડૉ. ઘનશ્યામભાઈ રાવલ | હાજર |

## શોક દર્શક ઠરાવ

બિહાર રાજયમાં કોશી નદીમાં આવેલ પૂરને કારણે તથા અમદાવાદમાં થયેલ બોંબ કાંડને લઈને થયેલ જન સમુદાયનાં થયેલ દુઃખદ અવસ બદલ સિન્ડિકેટની આજની આ સભા બે મિનિટનું મૌન પાળી શોક વ્યકત કરે છે. તથા સદ્‌ગતના આત્માને ચિરશાન્તિ અર્પવા અને એમના પરિવારને આઘાત સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શકિત અર્પે તેવી પ્રાર્થના કરે છે.

**૧.** સિન્ડિકેટ તા. ૧૬ – ૭– ૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહીની નોંધ ને બહાલી આપવા બાબત…

:: આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ, તા. ૧૬ – ૭ –૨૦૦૮ની સામાન્ય સભાની કાર્યવાહી નીચે જણાવ્યા મુજબના સુધારા વધારા સાથે મંજૂર કરવી.

**<u>બાબત ક્રમાંક : (૫૩)</u>**

યુનિવર્સિટી કાર્યાલય ખાતે હેલ્થ સેન્ટર માટે એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગમાં લેવાતી મારૂતી વાન નંબર જી જે – ૫ પીપી – ૨૮૨ રાઈટ ઓફ ( Write off) કરી વેચી દેવા અંગે તથા તેની જગ્યાએ નવું વાહન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મારૂતીવાન ( Write off) કરવાની મંજૂરી આપવા ઘટતી કાર્યવાહી કરવી.

**ને બદલે**

યુનિવર્સિટી કાર્યાલય ખાતે હેલ્થ સેન્ટર માટે એમ્બ્યુલન્સ તરીકે ઉપયોગમાં લેવાતી મારૂતી વાન નંબર જી જે – ૫ પીપી – ૨૮૨ રાઈટ ઓફ ( Write off) કરી વેચી દેવા અંગે તથા તેની જગ્યાએ નવું વાહન ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, મારૂતીવાન ( Write off) કરવાની મંજૂરી આપવા ઘટતી કાર્યવાહી કરવી.

**<u>વધુમાં ઠરાવવામાં આવે છે કે, મારૂતીવાનની બદલીમાં નવું વાહન ટાટા મેજિક વાન ખરીદવા માટેની કાર્યવાહી કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.</u>**

**વાંચનમાં લેવું**

**૨. મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

**૨.૧.** નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત સી.કે. પીઠાવાલા ઈન્સ્ટીટયૂટ ઓફ મેનેજમેન્ટ, સુરતમાં **M.B.A.** (અભ્યાસક્રમના રીન્યુઅલ માટે) ના અનુસ્નાતક અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે ચલાવવા/માન્યતા અંગેની અરજીના સંદર્ભમાં મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યોના અહેવાલ ઉપર અનુસ્નાતક શિક્ષણ મંડળે તેની તા.૧૦–૦૪–૨૦૦૮ ની સભામાં બાબત ક્રમાંકઃ (૫૦) અન્વયે, વિચારણા કરી કરેલ ભલામણ મુજબ શરતોની પરિપૂર્ણતા થયેથી અને યુનિવર્સિટી દ્વારા તેની પુનઃ ચકાસણી કર્યાના અહેવાલ બાદ આગળની કાર્યવાહી કરવાની હોઈ, મા.કુલપતિશ્રીએ નિયુકત કરેલ ચકાસણી સમિતિના સભ્યોએ સદરહું સંસ્થાની રૂબરૂ મુલાકાત લઈ મોકલેલ ચકાસણી સમિતિના હકારાત્મક અહેવાલને અવલોકનમાં લઈ તેમજ એકેડેમિક કાઉન્સિલના તા.૨૩–૦૫–૦૮ ના ઠરાવ ક્રમાંકઃ (૭૪) અને સિન્ડિકેટના તા.૨૨–૦૫–૦૮ ના ઠરાવ ક્રમાંકઃ (૧૪) અન્વયે બાકી રહેતા જોડાણ અંગે નિર્ણય લેવાની સત્તા મા.કુલપતિશ્રીને આપી હોઈ, મા.કુલપતિએ સદરહુ સંસ્થાનો **M.B.A. (અભ્યાસક્રમના રીન્યુઅલ માટે)** (**AICTE** એ મંજૂર કરેલ સીટો માટે) નો અનુસ્નાતક અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮–૦૯ ના એક વર્ષ માટે શરતોને આધિન મંજૂર કરવા નિર્ણય કર્યો છે. જે જાણ સારું.

(અનુસ્નાતક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૨.** મેડીકલ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે મેડીકલ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " ક ")**

**૨.૩.** વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન **B. C. A.** કોલેજો માટે વિજ્ઞાન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " ખ ")**

**૨.૪.** કાનુન વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજો માટે કાનુન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " ગ ")**

**૨.૫.** ઈજનેરી વિદ્યાશાખા હેઠળની સંલગ્ન એન્જિનયરીગ કોલેજો માટે ઈજનેરી વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની રીવાઈઝડ સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " ઘ ")**

**૨.૬.** મેનેજમેન્ટ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન **M. B. A.** કોલેજો માટે મેનેજમેન્ટ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " ચ ")**

**૨.૭.** વાણિજય વિદ્યાશાખા હેઠળની સંલગ્ન **B. B. A.** કોલેજો માટે વાણિજય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીએ મોકલેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " છ ")**

**૨.૮.** વિનયન, વાણિજય, વિજ્ઞાન, શિક્ષણ અને ગ્રામઅભ્યાસ વિદ્યાશાખા હેઠળની સંલગ્ન કોલેજોના માટે, તમામ વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીની તા. ૧૯ – ૦૭ – ૦૮ ની સભામાં તૈયાર કરેલ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ માટેની સત્ર વ્યવસ્થા સિન્ડિકેટ વતી મંજૂર કર્યાની મા. કુલપતિશ્રીના પગલાની નોંધ લેવા બાબત..

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**(પરિશિષ્ટ : " જ ")**

**૨.૯.** યુનિવર્સિટીના જીવવિજ્ઞાનના અનુસ્નાતક વિભાગ દ્વારા ચલાવવામાં આવતાં **M.Sc. ( Biotechnology)**ના સેલ્ફ ફાયનાન્સ અભ્યાસક્રમ માટે તે વિભાગના વડાશ્રી ડૉ. એમ. એચ. ૫રબીયાએ તેઓની જરૂરીયાત અંતર્ગત જગા ભરવા જાહેરાત આપી સ્વનિર્ભર હેઠળની શૈક્ષણિક જગા હોય જેથી સિન્ડિકેટના ઠરાવ અનુસાર ઈ. સી. કમિટિ બોલાવી તા. ૨૧–૮–૨૦૦૮ના રોજ ઓપન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ જે અંગે માનનીય કુલપતિશ્રીના મૌખિક આદેશાનુસાર પસંદગી પામેલ ઉમેદવારોને વહીવટી વિભાગ દ્વારા તદ્દન હંગામી ત્રણ માસ માટે રૂા. ૧૦,૦૦૦/ – ના પ્રતિ માસ ફિકસ્ડ પગારથી નિમણૂંક પત્ર આપવામાં આવેલ છે, જે તમામ કાર્યવાહી કરવા બાબતે માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૧૦.** યુનિવર્સિટીના વિવિધ અનુસ્નાતક વિભાગોમાં શિક્ષકોની જરૂરીયાત સંદર્ભમાં ગેસ્ટ ફેકલ્ટી/ ગેસ્ટ લેકચરરની જે તે વિભાગોમાં નવી નિમણૂંક કરવા અંગે લોકલ વર્તમાન પત્રમાં જાહેરાત આપી ઉમેદવારો પાસે અરજી મંગાવી પસંદગી સમિતિ બોલાવી પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂંક પત્ર પાઠવી નિમણૂંક આપવામાં આવી છે, તેમજ યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગોમાં અગાઉના વર્ષમાં નિમણૂંક પામેલ ગેસ્ટ ફેકલ્ટી/ લેકચરરની પુન : નિમણૂંક આપવા જે તે વિભાગના વડાશ્રીઓએ કેરલ વિનંતી અંતર્ગત પુન : નિમણૂંક આપવામાં આવેલ છે, જે તમામ કાર્યવાહી કરવા બાબતે માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૧૧.** યુનિવર્સિટીના પી. જી. અભ્યાસક્રમોની માહિતી પુસ્તિકા, એડમીશન લેટર અને રજીસ્ટ્રેશન ફોર્મનું છાપકામ મેસર્સ કલીક સોલ્યુશન, ૨૦૪, સીટી સેન્ટર, સોશ્યો સર્કલ, ઉધના મગદલ્લા રોડ, સુરત દ્વારા કરવામાં આવેલ. જે અંતર્ગત તે જ ભાવે અને શરતોએ એક્ષર્ટનલ અભ્યાસક્રમો શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૦૯ના આવેદનપત્રો તથા માહિતીપુસ્તિકા તેમજ આઈડેન્ટીટી કાર્ડનું છાપકામ કરવા માનનીય કુલપતિશ્રી દ્વારા સદર પાર્ટીને રીપીટ ઓર્ડર આપ્યાના માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૧૨.** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં પ્રોગ્રામરની જરૂરીયાત હોવાથી માનનીય કુલપતિશ્રી દ્વારા જરૂરી કાર્યવાહી કરવા આપવામાં આવેલ મંજૂરી અંતર્ગત પરીક્ષા વિભાગ દ્વારા વર્તમાન પત્રમાં જાહેરાત આપી તા. ૩૦/ ૮ / ૨૦૦૮ ના રોજ વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ. જેમાં ૦૩ (ત્રણ) ઉમેદવારોની કરવામાં આવેલ નિમણૂંક બાબતે માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૧૩.** યુનિવર્સિટી કેમ્પસ ખાતે ઉગેલ ઘાસને કાપીને લઈ જવા માટે ' શ્રી સુરત પાંજરાપોળ ' સુરતને વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯નો વર્ષ માટે ઘાસ કાપીને લઈ જવા માટે મા. કુલપતિશ્રીએ આપેલ મંજુરીના પગલાંની નોંધ લેવા બાબત.

(બાંધકામ)

:: સદર બાબતની નોંધ લીધી.

**૨.૧૪.** સને ૨૦૦૭–૨૦૦૮ વર્ષના ૪૨મો વાર્ષિક અહેવાલનો ખરોડો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની નિયુકત કરેલ વાર્ષિક અહેવાલ સમિતિની મા. કુલપતિશ્રીએ લીધેલ પગલાંની નોંધ લેવા બાબત.

| | | | |
|---|---|---|---|
| ૧. | ડૉ. શશીકાંતભાઈ જી. શાહ – કન્વીનર | ૨. | ડૉ. વેંકટરામન |
| ૩. | ડૉ. રાકેશભાઈ દેસાઈ | ૪. | ડૉ. એમ. એચ. પરબીયા |
| ૫. | ડૉ. અપૂર્વ એ. દેસાઈ | ૬. | ડૉ. કિરણ પંડયા |
| ૭. | આ. ડૉ. વિનોદભાઈ જી. પટેલ | ૮. | ડૉ. પી. એચ. ભાઠાવાલા |
| ૯. | આ.ડૉ. વિક્રમભાઈ દેસાઈ | ૧૦. | ડૉ. પી. એચ. બહાદુર |
| ૧૧. | આ. ડૉ. વિનોદભાઈ એન. પટેલ | ૧૨. | ડૉ. વિભુતિ જોષી |
| ૧૩. | આ. ડૉ. જે. એમ. નાયક | | |

(સિન્ડિકેટ)

:: સદર બાબતની નોંધ લીધી.

**૩.** યુનિવર્સિટી વિસ્તારના હાલના જીલ્લાઓનું વિભાજન થવાથી નર્મદા જીલ્લાઓ અને નવસારી જીલ્લો અસ્તીત્વમાં આવતા સિન્ડીકેટની તા. ૪–૧–૨૦૦૭ ની સભાએ તેના ઠરાવ ક્રમાંક ૧૦(દશ) અન્વયે યુનિવર્સિટી **Act 2(16) SCHEDULE (Act Page No. 58) Act 16(1) Class II Ordinary Members (A) (iv)(c)** મુજબ યુનિવર્સિટી વિસ્તારમાં કાર્યરત જીલ્લા પંચાયતના પ્રમુખશ્રીના મતદાર વિભાગ માટે લાગુ પડતો **Statute 12 (A)** નીચે મુજબ વંચાય તે મુજબ સેનેટને ભલામણ કરેલ હોય જે પર વિચારણા કરવા બાબત.

**Act 2(16) Schedule**

| | | | |
|---|---|---|---|
| 1. | Surat District | 4. | Dangs District |
| 2. | Bulsar District | 5. | Narmada District |
| 3. | Broach District | 6. | Navsari District |
| | | 7. | Tapi District |

**Statute 12 (A)**

Under Section 16(1) Class II (A) (iv)(c) one of the president of the District Panchayats functioning in the University area shall be a member of the senate by rotation in the following order with effect from 23-5-1967:

1. President, District Panchayat, Broach.
2. President, District Panchayat, Bulsar.
3. President, District Panchayat, Surat.
4. President, District Panchayat, Dangs.
5. President, District Panchayat, Narmada.
6. President, District Panchayat, Navsari.
7. President, District Panchayat, Tapi.

" પ્રસ્તુત બાબત શ્રી સંજયભાઈ ઈશ્વરભાઈ દેસાઈએ દ્વારા રજૂ **(Move)** કરેલ હતી અને તેને શ્રી દીપકભાઈ આફ્રિકાવાલાએ ટેકો આપ્યો હતો. "

:: ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત બાબતને સિન્ડિકેટ સમક્ષ પુનઃ વિચારણા માટે મૂકવા અંગે ઠરાવવામાં આવ્યું હતું.

ઉપરોક્ત બાબતમાં વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, **Act**.ના **Schedule**માં ક્રમ : **2**માં **Bulsar** ને બદલે **Valsad** અને **Broach**.ને બદલે **Bharuch** કરવા તથા ક્રમ : ૫, ૬, ૭ નો ઉમેરો કરવા રાજ્ય સરકારને ભલામણ કરવી તથા **Statute 12 (A)** નાં ક્રમ : **1** (એક) **Broach**.ને બદલે **Bharuch** અને ક્રમ : **2** માં **Bulsar** ને બદલે **Valsad** નો સુધારો કરવા તથા ક્રમ : ૫, ૬, ૭નો ઉમેરો કરવા પ્રસ્તુત સ્ટેચ્યુટમાં સુધારો કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૪. ધી ગુજરાત ક્રિશ્ચિયીન સર્વિસ સોસાયટી, અમદાવાદ દ્વારા શૈ. વ. ૨૦૦૮–૨૦૦૯ માટે સુરત મુકામે સૂચિત સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. સી. એ. ની જોડાણ અરજીના સંદર્ભમાં નિયુકત સ્થાનિક તપાસ સમિતિના પ્રથમ સભ્ય શ્રી હેમંતભાઈ ટોપીવાલાએ તેમના તા. ૨૫–૪–૨૦૦૮ ના પત્રથી મિલકત બાબતે તેમજ અન્ય બાબતે કોર્ટ કાર્યવાહી ચાલુ હોવાનું પેપરોના અભ્યાસક્રમ કરતા જણાયેલ છે અને જયાં સુધી નિર્ણય ન આવે ત્યાં સુધી તપાસમાં જવું જોઈએ નહી એમ જણાવી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરી જણાવવાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અંગે હાઈકોર્ટના વકીલ પાસે કાનૂની અભિપ્રાય લેવો, કોલેજની ચાલુ વર્ષની જોડાણની અરજી ગ્રાહ્ય રાખવી નહી અને ફરીથી આવતા વર્ષે મિલકતની તકરાર પૂરી થઈ છે તેના તમામ આધાર પુરાવા સાથે પુન : અરજી કરવા સંસ્થાને જણાવવું.

૫. ડિસેમ્બર–૨૦૦૬ માં વાલીયા કેન્દ્રમાં લેવાયેલી બી.ઈ.૨ (થર્ડ સેમેસ્ટર) (ઈલેકટ્રોનિકસ એન્ડ કોમ્પ્યુનિકેશન) પરીક્ષા બેઠક ક્રમાંકઃ ૦૩૬૦૩૬૩ વાળા પરીક્ષાર્થીની પરીક્ષા પૂર્ણ થયે ઉત્તરવહી જમા કરતી વખતે બે સેકશન એકે એક ઉત્તરવહી હોય છે. પરંતુ બે સેકશનની બે બે ઉત્તરવહી ઉપરોકત વિદ્યાર્થીની મળેલ છે. ઉત્તરવહી ઉપર બ્લોક સુપરવાઈઝરની સહી પણ નથી. ઉત્તરવહીના સીરીયલ નંબર પણ સુપરવાઈઝરના રિપોર્ટમાં માલુમ પડેલ નથી. જેથી બે ઉત્તરવહી અગાઉથી લઈ જઈ લખી લાવીને જોડી હોય એવું સ્પષ્ટ જણાય છે. તો પ્રસ્તુત કિસ્સામાં વિદ્યાર્થીઓ પાસેથી આવેલ વધારાની ઉત્તરવહીઓના સ્ત્રોત સબંધે વધુ તપાસ કરવા માટે સદર આચાર સમિતિએ કરેલ ભલામણને સિન્ડિકેટની તા. ૨૦–૪– ૨૦૦૭ ના ઠરાવ નં. ૦૧૫ થી સ્વીકારેલ હોય પેટાસમિતિના સભ્ય તરીકે પ્રિ. ડૉ. ભાસ્કરભાઈ રાવલ તેમજ પ્રિ. વિનોદભાઈ પટેલની નિમણૂંક કરી હતી. સદર પેટા સમિતિએ તપાસ કરી અહેવાલ આપેલ છે. તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, દરેક યુનિવર્સિટીને આ વિદ્યાર્થીને સજા કરેલ છે માટે તેમને કોઈ પણ યુનિવર્સિટીમાં પ્રવેશ આપવો નહી તેવી જાણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબતે સંસ્થાનો ખુલાસો પૂછવો.

૬. પરીક્ષાઓના પરિણામો બહાર પડયા પછી તેની માર્કશીટો જે તે સેંટરો પર મોકલી આપ્યા બાદ ઘણા મોટા પ્રમાણમાં વિદ્યાર્થીઓ નામમાં કે અન્ય બાબતમાં માર્કશીટોમાં ભૂલો હોવાની રજૂઆત કરી સુધારો કરાવવા આવતા હોય છે. કેટલાક કિસ્સાઓમાં વિદ્યાર્થીઓ ફોર્મમાંજ ખોટી વિગતો લખતા હોય છે જેથી અત્રેથી પ્રસિઘ્ધ કરવામાં આવતી નામાવલીમાં નોંધ મૂકવામાં આવે છે કે કોઈપણ વિદ્યાર્થીના નામમાં, વિષયમાં કે અન્ય વિગતો ખોટી હોય તો તે અંગે તાત્કાલિક આચાર્યશ્રી મારફત યુનિવર્સિટીને જાણ કરી સુધારો કરાવવાનો હોવા છતાં આવી ભૂલો થવા પામતી હોય છે. જેથી યુનિવર્સિટીની માર્કશીટોનો અને સમયનો પણ બગાડ ઘણાં મોટા પ્રમાણમાં થવા પામે છે. હાલમાં પરિણામો બહાર પડયા પછી છ મહિના સુધી કોઈપણ જાતની ફી લીધા વગર જૂની માર્કશીટો રદ કરી જમા લઈ નવી માર્કશીટ બનાવી આપવામાં આવે છે. છ મહિના બાદ માર્કશીટ દીઠ રૂા. ૧૦૦/– ની ફી લઈ માર્કશીટ બદલી આપવામાં આવે છે અને તે માર્કશીટ પર ડૂપ્લીકેટનો સિકકો મારવામાં આવે છે. તો વિદ્યાર્થીની ભૂલને કારણે માર્કશીટમાં ભૂલ થવા પામે અને વિદ્યાર્થી માર્કશીટમાં સુધારો કરાવવા આવે તેવા કિસ્સાઓમાં ફી લેવી કે કેમ ? અને લેવી તો કેટલી લેવી તે અંગે વિચારણા કરવા બાબત.....

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, માર્કશીટમાં જો યુનિવર્સિટીની કોઈ ભૂલ હોય તો તે વિના મૂલ્યે ભૂલો સુધારી આપવી અને વિદ્યાર્થી દ્વારા જો પરીક્ષા ફોર્મમાં કોઈ ભૂલ હોઈ તો રૂા. ૨૦૦/ – લઈ ભૂલો

સુધારી આપવી.

**૭.** ડૉ. સગુણા પાથી પ્રોફેસર અને વિભાગીય વડાશ્રી, ડીપાર્ટમેન્ટ ઓફ સોશ્યોલોજી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા માર્ચ/એપ્રિલ ૨૦૦૮ નાં વર્ષથી એમ.એ ભાગ–૧ માં સોશ્યોલોજીમાં સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર પરીક્ષાર્થીને " ડૉ. જાગનાથ પાથીઝ ગોલ્ડ મેડલ ફોર હાઈયેસ્ટ માર્ક ઈન એમ.એ.૧ સોશ્યોલોજી " ચંદ્રક એનાયત કરવા અંગે રૂા.૭૫,૦૦૦/– (રૂપિયા પંચોતેર હજાર) પુરાનું દાન રસીદ નં.૧૪૧૨૭૮ તા. ૨૩ – ૦૭ – ૨૦૦૮ થી જમા કરાવેલ છે. દાન એનાયત અંગેની સામાન્ય શરતોનો ખરડો આ સાથે સામેલ છે. દાતાએ આપેલા દાનનો સાભાર સ્વીકાર કરી સને માર્ચ/ એપ્રિલ–૨૦૦૮ ની પરીક્ષાથી સૌથી વધુ ગુણાંક પ્રાપ્ત કરનાર પરીક્ષાર્થીને સદર ચંદ્રક એનાયત કરવા બાબત.

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત દાનનો સાભાર સ્વીકાર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, મા. સિન્ડિકેટ સભ્યશ્રી નૈષધભાઈ દેસાઈના જણાવ્યા મુજબ આ ગોલ્ડ મેડલ માટે રૂા.૨૫,૦૦૦/– નો વધારો ડૉ. સગુણા પાથીજી દ્વારા સ્વેચ્છાએ જાહેર કરવામાં આવ્યો છે તે અંગે પણ તેમનો આભાર માનવો તથા વધારાની રકમ જમા કરાવવા દાતાશ્રીને જણાવવું.

**૮.** યુનિવર્સિટીના વિવિધ બાંધકામના પ્રોજેકટ માટે હાલની પેનલ પરના આર્કિટેકટને જે તે પ્રોજેકટ માટેની આર્કિટેકટ ફી અંગે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા. ૨૯ – ૫ – ૦૮ ની સભાની બાબત – ૧૭ ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

**<u>પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતિની તા. ૨૯ – ૫ – ૨૦૦૮ની ભલામણ ક્રમાંક : ૧૭</u>**

યુનિવર્સિટીના વિવિધ બાંધકામના પ્રોજેકટ માટે હાલ પેનલ પરના આર્કિટેકટ ને જે તે પ્રોજેકટની અંદાજી રકમ પર ૨.૨૫ % + જે તે સમયે લાગુ પડતો સર્વિસ ટેક્ષ તેમજ સ્ટ્રકચરલ કન્સલટન્ટ ને ૧ % + જે તે સમયે લાગુ પડતો સર્વિસ ટેક્ષ ચૂકવવામાં આવે છે. જેમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબતે સઘન ચર્ચા વિચારણા કરતા ઉપરોકત દરોમાં ફેરફાર કરી આર્કિટેકટને ૩ % + જે તે સમયે લાગુ પડતો સર્વિસ ટેક્ષ સહિત તથા સ્ટ્રકચરલ કન્સલટન્ટ તે ૨ % + જે તે સમયે લાગુ પડતો સર્વિસ ટેક્ષ સહિત ચૂકવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. વધુમાં સિન્ડિકેટમાં આખરી નિર્ણય લેવામાં આવે ત્યાં સુધી હાલના દરે એટલે કે બાબતમાં જણાવેલા દરોથી ચૂકવણી કરવાનું ચાલુ રાખવું.

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે નવો ભાવ વધારો નામંજૂર કરવો, જૂના રેટ ચાલુ રાખવા અને આર્કીટેકની પેનલ રીવાઈઝ કરવાની સત્તા મા.કુલપતિશ્રીને આપવી.

૯. સુરત મહાનગરપાલિકા, સુરત સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમ **(M.B.B.S.)** માં ૧૦૦ ઉપરાંત વધારાની ૫૦ બેઠકો મળી કુલ્લે –૧૫૦ કરવા માટે કમિશ્નરશ્રીએ તેમના તા. ૨ – ૮– ૨૦૦૮ ના પત્રાંકઃ સ્મીમેર/ ૧૪૯૧ થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સુરત મહાનગરપાલિકા, સુરત સંચાલિત સ્મીમેર મેડિકલ કોલેજના સ્નાતક અભ્યાસક્રમ **(M.B.B.S.)** માં ૧૦૦ ઉપરાંત વધારાની ૫૦ બેઠકો મળી કુલ્લે –૧૫૦ કરવા માટે કમિશ્નરશ્રીએ તેમના તા. ૨ – ૮– ૨૦૦૮ ના પત્રાંકઃ સ્મીમેર/ ૧૪૯૧ થી કરેલ વિનંતીનો સ્વીકાર કરવો.

**૧૦.** યુનિવર્સિટીના ડ્રાઈવરને ફરજ ઉપરાંતની વધારાના સમયની કામગીરીના વળતરરૂપે વધારાનું ભથ્થું ચુકવવા, વિચારણા કરવા બાબત.

(**નોંધ** :– ઉપરોકત બાબતે તા. ૩૦ – ૭ – ૦૮ ની નાણાં સમિતિની બાબત – ૩ અન્વયે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે.

" યુનિવર્સિટીના ડ્રાઈવરોને ફરજ ઉપરાંતનાં વધારાના સમયની કામગીરીમાં પાંચ (૫) કલાકની કામગીરીના રૂા. ૫૦/– ને બદલે રૂા. ૭૫/– અને પાંચ (૫) કલાકથી વધારે સમયની કામગીરીના રૂા. ૭૦/– ને બદલે રૂા. ૧૦૦/– ની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે." **)**

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની તા. ૩૦ – ૭ – ૦૮ ની બાબત–૩ નો સ્વીકાર કરી પ્રસ્તુત બાબતને મંજૂરી આપવી.

**૧૧.** શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત (૧) નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, (સ્વનિર્ભર બી.બી.એ. અને બી.કોમ.) અને (૨) નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર બી.એસસી. કોમ્પ્યુટર અને બી.સી.એ.) બંને કોલેજો ભેગી કરી એક જ કોલેજના નવા નામ **નારણલાલા ઈંગ્લિશ મિડિયમ કોલેજ ઓફ કોમર્સ, મેનેજમેન્ટ એન્ડ સાયન્સ,** નવસારી કરવા અંગે પ્રસ્તુત ટ્રસ્ટના ચેરમેનશ્રીએ તેમના તા.૨૬–૭–૨૦૦૮ ના પત્રાંક : એમએચકેકેટી/એડીએમ/ ૧૭૭૬/ ૨૦૦૮થી કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી મોહનલાલ હરકિશનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી સંચાલિત (૧) નારણલાલા કોલેજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, (સ્વનિર્ભર બી.બી.એ. અને બી.કોમ.) અને (૨) નારણલાલા કોલેજ ઓફ પ્રોફેશનલ એન્ડ એપ્લાઈડ સાયન્સીસ (સ્વનિર્ભર બી.એસસી. કોમ્પ્યુટર અને બી.સી.એ.) બંને કોલેજો ભેગી કરવા માટેની સર્વગ્રાહી અભ્યાસ માટેની નીચે મુજબની સમિતીની રચના કરવી.

(૧) આ. શ્રી જે. એમ. નાયક (૨) ડૉ. વિનોદભાઈ પટેલ (ડીબીઆઈએમ)

(૩) આ. ડૉ. યુ. ટી. દેસાઈ

**૧૨.** યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય અધિક્ષકની ખાલી પડેલ જગા પર સિનિયોરીટીના નિયમાનુસાર હેડ કલાર્કની કેડરમાંથી બઢતી આપવાની થતાં કોઈપણ હેડ કલાર્ક કાર્યાલય અધિક્ષકની જગા પર બઢતી માટે લાયકાત ધરાવતા ન હોવાથી સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરતાં સ્થાયી સમિતિએ સિન્ડિકેટને કરેલ ભલામણ ક્રમાંક : ૫ અંતર્ગત સિન્ડિકેટે તેની તા. ૨૧–૬–૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક : ૮૦ અન્વયે ૦૩ (ત્રણ) હેડ કલાર્કને કાર્યાલય અધિક્ષકની ખાલી પડેલ જગા પર બઢતી આપવામાં આવેલ અને તેની મંજૂરી માટે સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને વિનંતી કરતાં, શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક : દગય – ૧૩૦૮ – ૧૪૯૩ – ખ તા.૧૫–૫–૨૦૦૮ થી મળેલ પત્ર પર વિચારણા કરવા બાબત..

**(નોંધ :** ઉપરોક્ત ઠરાવ અનુસાર ૦૩ (ત્રણ) હેડ કલાર્કને ખાલી પડેલ કાર્યાલય અધિક્ષકની જગા પર તા. ૨૧– ૯ – ૨૦૦૭ ના રોજ બઢતી આપવામાં આવી હતી. અને તેમનો ૦૧ (એક) વર્ષનો અજમાયશી સમય તા. ૨૦ – ૯ – ૨૦૦૮ નો રોજ પૂરો થતો હોય તેઓને તા.૨૦–૯–૨૦૦૮ ના રોજથી કાયમ કરવાના થાય છે. તેમજ સાથે સાથે ૦૨ (બે) હેડ કલાર્ક અને ૦૨ (બે) સિનિયર કલાર્કને કાયમ કરવાના થાય છે જે અંગે તેઓને કાયમ કરવા કે કેમ તે અંગે વિચારવાનું રહે છે. જે કર્મચારીના નામો નીચે મુજબ છે.)

| **ક્રમ** | **કર્મચારીના નામ** | **હોદ્દો** | **વિભાગ** | **બઢતીની તારીખ** | **કાયમ કરવાની તારીખ** |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રીમતી પી.આર.ગામિત | કાર્યાલય અધિક્ષક | મ.મા.આંક વિભાગ | ૨૧/ ૯/ ૨૦૦૭ | ૨૦/ ૯/ ૨૦૦૮ |
| ૨. | શ્રી જે.કે.પટેલ | કાર્યાલય અધિક્ષક | પી.જી. | ૨૧/ ૯/ ૨૦૦૭ | ૨૦/ ૯/ ૨૦૦૮ |
| ૩. | શ્રીમતી એલ.જી.ગામિત | કાર્યાલય અધિક્ષક | લીગલ સેલ | ૨૧/ ૯/ ૨૦૦૭ | ૨૦/ ૯/ ૨૦૦૮ |
| ૪. | શ્રી ડી. એલ. પટેલ | હેડ કલાર્ક | વહીવટી | ૨૭/ ૯/ ૨૦૦૭ | ૨૬/ ૯/ ૨૦૦૮ |
| ૫. | શ્રી એસ. આર. નાયક | હેડ કલાર્ક | એકેડેમિક | ૨૭/ ૯/ ૨૦૦૭ | ૨૬/ ૯/ ૨૦૦૮ |
| ૬. | શ્રી એલ. સી. ચાવડા | સિનિયર કલાર્ક | યુજીસી યુનિટ | ૨૭/ ૯/ ૨૦૦૭ | ૨૬/ ૯/ ૨૦૦૮ |
| ૭. | શ્રી પી. સી. કોસંબિયા | સિનિયર કલાર્ક | હિસાબી | ૨૭/ ૯/ ૨૦૦૭ | ૨૬/ ૯/ ૨૦૫૦૮ |

( વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અગાઉનો તા. ૨૧ – ૬ – ૨૦૦૭નો ઠરાવ નં. ૮૦ રદ કરવો ક્રમાંકઃ ૧, ૨ અને ૩ને જરૂરી સમયગાળો પૂર્ણ થયા બાદ પ્રમોશન આપવું, હાલ ઈજાફા અટકાવવા અને કર્મચારીનો જરૂરી સમયગાળો પૂર્ણ થયા બાદ કાયમ કરવા અને ક્રમાંક : ૪, ૫, ૬ અને ૭ના કર્મચારીને જે તે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ પ્રમોશન નિયમીત કરવા માટે સરકારની પરવાનગી મેળવવા માટેની વિધી કરવી.

**૧૩.** યુનિવર્સિટી કાર્યાલયમાં ફરજ બજાવતાં નીચે દર્શાવેલ વહીવટી કર્મચારીઓને આપવામાં આવેલ બઢતી સંદર્ભમાં એક વર્ષના અજમાયશી સમય તેઓના નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોય તેઓને નોકરીમાં કાયમ કરવા અંગે ફેરવિચારણા કરવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | વિભાગ | બઢતીની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી બી.બી.દેસાઈ | કાર્યાલય અધિક્ષક | અનુસ્નાતક વહીવટી સંકુલ | ૩૦–૬–૨૦૦૭ | ૨૯–૬–૨૦૦૮ |
| ૨ | કુ.બી.સી.દેસાઈ | હેડ ક્લાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૩ | શ્રી આર.આર.દેસાઈ | હેડ ક્લાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૪ | શ્રીમતી ડી.એસ. બદામી | હેડ ક્લાર્ક | પરીક્ષા | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૫ | શ્રીમતી વાય.એ. દસાડીયા | હેડ ક્લાર્ક | યુજીસી | ૧૫–૬–૨૦૦૭ | ૧૪–૬–૨૦૦૮ |
| ૬ | શ્રીમતી એસ.ડી. પરમાર | સિનિયર ક્લાર્ક | પરીક્ષા | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૭ | શ્રીમતી જે. જે. દેસાઈ | સિનિયર ક્લાર્ક | પરીક્ષા | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૮ | શ્રીમતી કે. એસ. લખપતિ | સિનિયર ક્લાર્ક | વહીવટી | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૯ | શ્રી એચ. ટી. દેસાઈ | સિનિયર ક્લાર્ક | ગ્રંથાલય | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| ૧૦ | શ્રી આર. સી. સુરતી | સિનિયર ક્લાર્ક | વહીવટી | ૨૦–૬–૨૦૦૭ | ૧૯–૬–૨૦૦૮ |
| **૧૧** | **શ્રી એસ. આર. સારંગ** | **સિનિયર ક્લાર્ક** | **પરીક્ષા** | **૨૦–૬–૨૦૦૭** | **૧૯–૬–૨૦૦૮** |

**(શ્રી એસ. આર. સારંગનો ખાનગી અહેવાલ સભા સમયે રજૂ કરવામાં આવશે.)**

(વહીવટી)

**<u>નોંધ :</u>**

(૧) રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના ઠરાવ ક્રમાંક : પરચ – ૧૦૨૦૦૫ – ૧૫૩૨ સચિવાલય, ગાંધીનગરના તા. ૩૦ / ૯/ ૨૦૦૬ સંદર્ભમાં દર્શાવેલ જાહેરનામાથી આ પૂર્વ લાયકાત સરકારી સેવામાં કોઈપણ નિમણૂંકને લાગુ પાડવા ઠરાવાયું છે. જાહેરનામા મુજબ બઢતીઓ પૂરતું તે તા. ૧/ ૧૦/ ૨૦૦૬ થી અમલ કરવામાં આવે છે એમ જણાવેલ છે.

(૨) સિન્ડિકેટની તા. ૨૧–૬–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંકઃ ૮૦ મુજબ ' કોમ્પ્યુટર કૌશલ્ય ' પરીક્ષા " Course on Computer Concept ("C.C.C.") " સ્તરની પરીક્ષા પાસ કર્યાનું સર્ટીફીકેટ મેળવવા જણાવેલ ત્યારબાદ જ કાયમ કરવામાં આવશે જે શરતે ક્રમ–૬ થી ૧૦ ના કર્મચારીઓને બઢતી આપવામાં આવી હતી.

(૩) સિન્ડિકેટની તા. ૧૬/ ૭/ ૨૦૦૮ની બાબત ક્રમાંક : ૨૫ નો ઠરાવ નીચે મુજબ કરવામાં આવેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ક્રમાંક : ૧ થી ૫ ને નિયમાનુસાર કાયમ કરવા ક્રમાંક : ૬, ૭, ૮ અને ૯ ને ૧ વર્ષના સમયગાળામાં " C. C. C." (સી. સી. સી.) પાસ કરવાની રહેશે તે શરતે કાયમી કરવા તથા જો શરત પરિપૂર્ણ ન કરે તો ઈજાફા અટકાવવા અને ક્રમાંક : ૧૦ શ્રી આર. સી. સુરતીને નિવૃત્તિના ખાસ કેસમાં કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા " C. C. C." (સી. સી. સી.) સ્તરની પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવી.

(૪) ઉપરોકત ક્રમ–૧૦ ના કર્મચારી શ્રી આર.સી.સુરતી આગામી તા. ૩૧–૧૦–૨૦૦૮ ના રોજ વય નિવૃત્તના કારણે નિવૃત્ત થનાર હોય તેઓની આ સાથે સામેલ તા. ૨૪–૫–૨૦૦૮ ની અરજીથી તેઓએ "C.C.C." સ્તરની પરીક્ષા પાસ કરવામાંથી મુકિત માંગેલ છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબત અન્વયે ક્રમાંક : ૧૧ શ્રી એસ. આર. સારંગને " C. C. C. " (સી. સી. સી.)ની પરીક્ષા પાસ કરવાની રહેશે તે શરતે કાયમ કરવા તથા જો

શરત પરિપૂર્ણ ન કરે તો ઈજાફા અટકાવવા.

**૧૪.** યુનિવર્સિટીના નીચે દર્શાવેલ વિવિધ અનુસ્નાતક વિભાગોમાં રીડર / લેકચરર તરીકે બે વર્ષના અજમાયશી સમય (on Probation) પર નિમણૂંક આપવામાં આવી હતી. તેઓના નામ સામે દર્શાવેલ તારીખથી તેઓ આ યુનિવર્સિટીમાં જોડાયા છે, તેઓની સામે દર્શાવેલ તારીખે તેઓનો બે વર્ષનો અજમાયશી સમય પૂર્ણ થતાં તેઓના Confidential Report અવલોકનમાં લઈ તેઓને કાયમ કરવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત...

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | વિભાગનું નામ | નિમણૂંકની તારીખ | કાયમ કરવાની તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ડૉ. પંકજસિંહ બી. ઠાકોર | રીડર | ભૌતિકશાસ્ત્ર | ૨૭/ ૦૬/ ૨૦૦૬ | ૨૬/ ૦૬/ ૨૦૦૮ |
| ૨. | શ્રી દિપકભાઈ જી. ભોયે | લેકચરર | રૂરલ સ્ટડીઝ | ૦૭/ ૦૭/ ૨૦૦૬ | ૦૬/ ૦૭/ ૨૦૦૮ |
| ૩. | ડૉ. રાજેન્દ્ર બી. પટેલ | લેકચરર | શિક્ષણ | ૧૫/ ૦૭/ ૨૦૦૬ | ૧૪/ ૦૭/ ૨૦૦૮ |
| ૪. | ડૉ. દર્શન આર. ભંડેરી | લેકચરર | રૂરલ સ્ટડીઝ | ૩૧/ ૦૭/ ૨૦૦૬ | ૩૦/ ૦૭/ ૨૦૦૮ |

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, વિવિધ અનુસ્નાતક વિભાગોમાં રીડર / લેકચરર તરીકે બે વર્ષના અજમાયશી સમય **(on Probation)** પર નિમણૂંક થયેલ ઉપરોકત જણાવેલ કર્મચારીને જે તે તારીખથી તેમના હોદ્દા પર કાયમી નિમણૂંક આપવી.

**૧૫.** યુનિવર્સિટીનાં પરીક્ષા વિભાગમાં સાધન – સામગ્રી તેમજ અન્ય વસ્તુની ખરીદી માટે રૂા. ૨,૦૦,૦૦૦/– ની બજેટમાં જોગવાઈ કરેલ હતી જે વધારીને રૂા. ૧૧,૦૦,૦૦૦/– ની જોગવાઈ માટે સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, નાણા સમિતિની તા. ૩૦ – ૭ – ૨૦૦૮ની ભલામણ ક્રમાંક : ૭ નો સ્વીકાર કરવો અને પ્રસ્તુત બાબતને મંજૂર કરવી.

**૧૬.** એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૨૦૦૯ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા.૨૯–૪–૨૦૦૮ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૪૯) અન્વયે, વિચારણા કરી, બી.એડ્.નું નવું જોડાણ NCTE ની મંજૂરી મળ્યા બાદ આપવાનું ઠરાવ્યું હોઈ, ઉપરોકત સંદર્ભે NCTE ની મંજૂરી તા.૨૫–૭–૨૦૦૮ સુધીમાં મોકલી આપવાનું યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૬–૫–૨૦૦૮ના પત્રાંકઃ એસ–એ(જ્ઞાનોદય)(બી.એડ્.)(૦૮)/ ૪૮૫૨ થી જણાવતાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા. ૪–૭–૨૦૦૮ ના પત્રાંકઃ૬૨/બી.એડ્./૦૮ થી આખર તારીખ લંબાવી આપવા વિનંતી કરતાં આદેશાનુસાર તા.૩૧–૭–૨૦૦૮ સુધી લંબાવી આપવાની જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૭–૭–૨૦૦૮ ના પત્રાંકઃએસ–એ(બી.એડ્.)(૦૮)/૭૬૧૫/ થી કરવામાં આવી હતી. ત્યારબાદ, પ્રસ્તુત સંસ્થાના તા.૫–૮–૨૦૦૮ ના પત્રથી મુદતમાં પુનઃ વધારો કરી આપવાની કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા તથા શૈ. વ. ૨૦૦૮ – ૨૦૦૯માં વિદ્યાર્થીઓ હાલમાં ફાળવવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

( સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કોલેજને નીચેની શરતોને આધિન જોડાણની મંજૂરી આપવી.

(૧) ચાલુ વર્ષ માટે મેનેજમેન્ટ કવોટા ભરવાના રહેશે નહી.

(૨) કુલ માન્ય ઈન્ટેકના ૧૦ ٪ સીટનું રીશફલીગ કરવાનું રહેશે, બાકી રહેતી ૯૦ ٪ સીટો પર કેન્દ્રીય પ્રવેશ સમિતી દ્વારા મેરીટનાં આધારે પ્રવેશો આપવામાં આવશે.

(૩) રીશફલીગથી તબદીલ થતાં વિદ્યાર્થીઓની આ સંસ્થાઓએ કોઈ પણ ફી લેવાની રહેશે નહી ઉપરોકત શરતો સંસ્થાને માન્ય છે તેવી બાહેંધરી લેખીતમાં સંસ્થાઓએ આપવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ષની કેન્દ્રીય પ્રવેશ સમિતી ઉપરાંત તે સમિતીમાં આ. શ્રી. યોગેશભાઈ એલ. ભટ્ટ (સિન્ડિકેટ સભ્યશ્રી) અને ડૉ. શશીકાંતભાઈ શાહ (સિન્ડિકેટ સભ્યશ્રી) સમિતીમાં રહેશે.

(૪) સંસ્થાએ જોડાણ ફી ૧૦૦ વિદ્યાર્થીઓ મુજબ ભરવાની રહેશે.

**૧૭.** શ્રી શાંતારામ ભટ્ટ ચેરીટેબલ ટ્રસ્ટ, મોતા, તા. બારડોલીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૮ – ૨૦૦૯ ના વર્ષ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી.એડ્.નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા.૨૯ – ૪ –૨૦૦૮ ના રોજ મળેલ સભામાં બાબત ક્રમાંકઃ (૫૦) અન્વયે, વિચારણા કરી, બી.એડ્.નું નવું જોડાણ NCTE ની મંજૂરી મળ્યા બાદ આપવાનું ઠરાવ્યું હોઈ, ઉપરોકત સંદર્ભે NCTE ની મંજૂરી તા.૨૫–૭–૨૦૦૮ સુધીમાં મોકલી આપવાનું યુનિવર્સિટી કાર્યાલયના તા.૧૬–૫–૨૦૦૮ના પત્રાંકઃ એસ–એ(શાંતારામ)(બી.એડ્.) (૦૮)/ ૪૮૦૦ થી જણાવતાં મેનેજીંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા. ૨૧ – ૭ – ૨૦૦૮ ના પત્રાંકઃ૧૫૫/ ૦૮ થી આખર તારીખ લંબાવી આપવા વિનંતી કરતાં આદેશાનુસાર તા.૧૦ – ૮ –૨૦૦૮ સુધી લંબાવી આપવાની જાણ યુનિવર્સિટી કાર્યાલયના તા. ૪ – ૮ –૨૦૦૮ના પત્રાંકઃ એસ – એ(બી.એડ્.) (૦૮)/ ૮૩૭૦/ થી કરવામાં આવી હતી. ત્યારબાદ, NCTE ની તેમના તા. – – ૨૦૦૮થી મંજુરી આપેલ છે તો શૈ.વ. ૨૦૦૮ – ૨૦૦૯માં પ્રવેશ આપવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

( સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કોલેજને નીચેની શરતોને આધિન જોડાણની મંજૂરી આપવી.

(૧) ચાલુ વર્ષ માટે મેનેજમેન્ટ કવોટા ભરવાના રહેશે નહી.

(૨) કુલ માન્ય ઈન્ટેકના ૧૦ **%** સીટનું રીશફલીગ કરવાનું રહેશે, બાકી રહેતી ૯૦ **%** સીટો પર કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા મેરીટના આધારે પ્રવેશો આપવામાં આવશે.

(૩) રીશફલીગથી તબદીલ થતાં વિદ્યાર્થીઓની આ સંસ્થાઓએ કોઈ પણ ફી લેવાની રહેશે નહી ઉપરોકત શરતો સંસ્થાને માન્ય છે તેવી બાહેંધરી લેખીતમાં સંસ્થાઓએ આપવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ષની કેન્દ્રીય પ્રવેશ સમિતિ ઉપરાંત તે સમિતિ માં આ. શ્રી. યોગેશભાઈ એલ. ભટ્ટ (સિન્ડિકેટ સભ્યશ્રી) અને ડૉ. શશીકાંતભાઈ શાહ (સિન્ડિકેટ સભ્યશ્રી) સમિતિ માં રહેશે.

(૪) સંસ્થાએ જોડાણ ફી ૧૦૦ વિદ્યાર્થીઓ મુજબ ભરવાની રહેશે.

**૧૮.** શ્રી સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ, નવસારી દ્વારા નવી શ્રી સરદાર પટેલ કોલેજ ઓફ એજયુકેશન, નવસારીને શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯ માટે સ્વનિર્ભર અભ્યાસક્રમ બી. એડ્. ના એક વર્ગનું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં સિન્ડિકેટે તા. ૧૩ – ૧૨ – ૨૦૦૭નાં રોજ ઠરાવ ક્રમાંક : (૩૨)થી આપેલ સત્તાની રૂએ માનનીય કુલપતિશ્રીએ નિયુકત કરેલ સ્થાનિક તપાસ સમિતિનાં અહેવાલમાં જણાવેલ નીચેની શરતોનું યથાર્થ પરિપાલન કરવાની શરતે અને પુન : ચકાસણી સમિતિનો અહેવાલ આવ્યા બાદ તથા N.C.T.E. ની મંજૂરી મળ્યેથી જોડાણ આપવા અન્યથાં ૨૫ જુલાઈ સુધીમાં યુનિવર્સિટીને N.C.T.E. ની મંજૂરીનો પત્ર મળે તો આ શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯માં પ્રવેશ આપવાં અન્યથા પ્રવેશ નહી આપવા સિન્ડિકેટને કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત.

( સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત કોલેજને નીચેની શરતોને આધિન જોડાણની મંજૂરી આપવી.

(૧) ચાલુ વર્ષ માટે મેનેજમેન્ટ કવોટા ભરવાના રહેશે નહી.

(૨) કુલ માન્ય ઈન્ટેકના ૧૦ **%** સીટનું રીશફલીગ કરવાનું રહેશે, બાકી રહેતી ૯૦ **%** સીટો પર કેન્દ્રીય પ્રવેશ સમિતિ દ્વારા મેરીટના આધારે પ્રવેશો આપવામાં આવશે.

(૩) રીશફલીગથી તબદીલ થતાં વિદ્યાર્થીઓની આ સંસ્થાઓએ કોઈ પણ ફી લેવાની રહેશે નહી ઉપરોકત શરતો સંસ્થાને માન્ય છે તેવી બાહેંધરી લેખીતમાં સંસ્થાઓએ આપવાની રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ષની કેન્દ્રીય પ્રવેશ સમિતિ ઉપરાંત તે સમીતીમાં આ. શ્રી. યોગેશભાઈ એલ. ભટ્ટ (સિન્ડિકેટ સભ્યશ્રી) અને ડૉ. શશીકાંતભાઈ શાહ (સિન્ડિકેટ સભ્યશ્રી) સમિતિ માં રહેશે.

(૪) સંસ્થાએ જોડાણ ફી ૧૦૦ વિદ્યાર્થીઓ મુજબ ભરવાની રહેશે.

**૧૯.** પરીક્ષા આચાર સમિતિની તા. ૧૨/ ૮/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત...

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. તા. ૧૨/ ૮/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ : ' ઝ '** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : ' ઝ ')**

**૨૦.** યુનિવર્સિટી હોસ્ટેલ ના વોર્ડનશ્રી ના હોસ્ટેલ ફીમાં કરવામાં આવનાર વધારાની વહેંચણી અંગે તા. ૦૮ – ૦૭ – ૦૮ ના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

હોસ્ટેલ એડવાઈઝરી સમિતીમાં ઠરાવ નં. ૨ અનુસાર હોસ્ટેલ ફીમાં વધારો કરવામાં આવેલ છે. જે પૈકી નીચે મુજબ દરેક ફીમાં વધારો સૂચવવામાં આવેલ છે.

| | ફી ની વિગત | પહેલાની ફી | સૂચિત ફી |
|---|---|---|---|
| ૧. | હોસ્ટેલ ફી | ૩૨૫/– | ૩૫૦/– |
| ૨. | ઈલેકટ્રિક ચાર્જ | ૨૨૫/– | ૪૦૦/– |
| ૩. | પોટ શર્ડ | ૧૫૦/– | ૧૫૦/– |
| ૪. | સ્પોર્ટસ અને કલ્ચર્ડ્ | ૧૦૦/– | ૧૦૦/– |
| ૫. | કોશન મની | ૫૦/– | ૫૦/– |
| ૬. | હોસ્ટેલ ડિપોઝીટ | ૪૦૦/– | ૪૦૦/– |
| ૭. | સિંગલ રૂમ | ૧૨૦૦/– | ૧૫૦૦/– |

(યુનિવર્સિટી હોસ્ટેલ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, હોસ્ટેલ એડવાઈઝરી સમિતીની તા. ૮ / ૭ / ૦૮ના ઠરાવ નં. ૨થી મંજૂર કરેલ ઉપરોકત ફીનો વધારો યથાવત મંજૂર કરવો.

**૨૧.** પરીક્ષા આચાર સમિતિની તા. ૨૪ – ૭ – ૨૦૦૮ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત.

( પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા. તા. ૨૪/ ૭/ ૨૦૦૮ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો **પરિશિષ્ટ : ' ટ '** માં દર્શાવ્યા મુજબ યથાવત મંજૂર કરવી.

**(પરિશિષ્ટ : ' ટ ')**

**૨૨.** મેડિકલ ફેકલ્ટીનાં પેથોલોજી વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતનાં પ્રોફેસર ડૉ. આર. ડી. પટેલની અરજીની સમીક્ષા તબીબી વિદ્યાશાખાની તા.૩ – ૩ – ૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૧ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૬– ૯ – ૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૬ ને સિન્ડિકેટની તા. ૮ – ૧૦ – ૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯ મુજબના સ્વીકારેલ ઓર્ડિનન્સ 108 (III) પ્રમાણે મેડિકલ ફેકલ્ટીના ડીનશ્રીના હકારાત્મક અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.

**૨૩.** મેડિકલ ફેકલ્ટીનાં પેથોલોજી વિષયમાં પીએચ.ડી. નાં માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેની ગવર્નમેન્ટ મેડીકલ કોલેજ, સુરતનાં એસો. પ્રોફેસર ડૉ. મંદાકીની એમ. પટેલની અરજીની સમીક્ષા તબીબી વિદ્યાશાખાની તા.૩ – ૩ – ૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૧ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૬ – ૯ – ૨૦૦૭ ની સભાની ભલામણ ક્રમાંક : ૨૬ ને સિન્ડિકેટની તા.૮ – ૧૦ – ૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૧૯ મુજબના સ્વીકારેલ ઓર્ડિનન્સ 108 (III) પ્રમાણે મેડિકલ ફેકલ્ટીના ડીનશ્રીના હકારાત્મક અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી.

**૨૪.** માનનીય કુલપતિશ્રીએ નિમેલી એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ ઈન હોલીસ્ટીક હેલ્થ દ્વારા પસાર કરાયેલો અભ્યાસક્રમ સ્વીકારી તે વિભાગની સ્થાપના અંગે વિચારણા કરવા બાબત.

સદર અભ્યાસક્રમ અંગે સમિતિ દ્વારા કરાયેલી ભલામણોનો સાર નીચે મુજબ છે.

૧. અભ્યાસક્રમ ૫ – ૬ વર્ષનો બેચલર ઓફ હોલીસ્ટીક હેલ્થ રહેશે.

૨. અભ્યાસક્રમના સ્થળ તરીકે શ્રી મોરારજી દેસાઈ જન્મ શતાબ્દી પ્રતિસ્થાન તરફથી કરાયેલા મૌખિક પ્રસ્તાવને આગળ વધારવા એક સમિતિની નિમણૂંક કરવા ભલામણ કરી છે.

૩. હાલ સદર બોર્ડ ઓફ સ્ટડીઝના કન્વીનર ડૉ. મીનુ પરબીઆએ આ કામ હાથ પર લઈ આ રજુઆત કરી છે.

૪. અભ્યાસક્રમના સ્થળ વિશે હજી કોઈ નિર્ણય ન થયો હોઈ હાલ આ અભ્યાસક્રમનો સ્વીકાર કરી, સિન્ડિકેટ નિયુકત સમિતિને આ કામ સોંપવા વિશે વિચારણા કરવાની રહે.

(બાયોસાયન્સ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમગ્ર બાબતની સત્વરે કાર્યવાહી પૂર્ણ કરવા માટે બાયોસાયન્સ વિભાગના વડા ડૉ. મીનુ પરબિયા સહિતની સમિતી બનાવવા તથા સમગ્ર બાબતે ઘટતું કરવાની સત્તા મા. કુલપતિશ્રીને આપવી.

**૨૫.** યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં જુદી – જુદી ફેકલ્ટીઓમાં ચાલતાં અનુસ્નાતક અભ્યાસક્રમો જેવા કે, એમ. એ., એમ.કોમ., એમ.એસસી. વગેરે તથા યુનિવર્સિટી કેમ્પસમાં ચાલતાં અનુસ્નાતક વિભાગોમાં ચાલતાં અનુસ્નાતક અભ્યાસક્રમોમાં કોલેજો/ વિભાગોમાંથી પ્રાધ્યાપકોને મુલાકાતી પ્રાધ્યાપક તરીકે વર્ગ લેવા માટે નિમવામાં આવે છે.

મુલાકાતી પ્રાધ્યાપકોને, યુ. જી. સી. ના નિયમ અનુસાર પોતાનો કાર્યભાર કોલેજ/ વિભાગમાં પૂર્ણ કરી આવે, તો તેમને પ્રતિ તાસ રૂા. ૨૦૦/– માનદ વેતન + મુસાફરી ભથ્થાં તથા અન્ય મુલાકાતી પ્રાધ્યાપકોને મુસાફરી ભથ્થું + દૈનિક ભથ્થું યુનિવર્સિટીનાં નિયમ અનુસાર ચુકવવામાં આવે છે. સદર ખર્ચ અનુસ્નાતક વિદ્યાર્થીઓની યુનિવર્સિટીને મળતી ફી ના પ્રમાણમાં ખૂબ જ વધારે રહે છે.

જનરલ ફંડની વધતી જતી ખાધ તથા ઘટતી જતી સરકારની ગ્રાન્ટની રકમને ધ્યાને લઈ કરકસરનાં પગલાંરૂપે મુલાકાતી પ્રાધ્યાપકોને **માનદ વેતન + મુસાફરી ભથ્થું + દૈનિક ભથ્થું ચુકવવાને બદલે એમ. ફીલ. માં ચુકવાતા, પ્રતિ તાસ દીઠ રૂા. ૩૦૦/ – (Consolidated) (મુસાફરી ભથ્થું + દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી.) મુજબ ૧ પેપરના વાષિર્ક વધુમાં વધું ૪૦ તાસ માટે ચુકવવા અંગે વિચારણા કરવા બાબત.....**

(હિસાબી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક કક્ષાએ નિયમીત અભ્યાસક્રમના વ્યાખ્યાનો લેવા માટે મુલાકાતિ પ્રાધ્યાપકોને પ્રતિ તાસ દીઠ રૂા. ૩૦૦/–
**(Consolidated)** (મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર નથી.) મુજબ ૧ પેપરના વાષિર્ક વધુમાં વધું ૪૦ તાસ માટે ચુકવવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં પી. જી. કેન્દ્રો અને અનુસ્નાતક વિભાગો (સ્વનિર્ભર) માં પણ સમાન નિતી રાખવી અને જો એક પેપરનાં વાર્ષિક ૪૦ કરતા વધું તાસ થાય તો ૫૦ સુધીનાં તાસ લેવાની પૂર્વ મંજૂરી મા. કુલપતિશ્રીની લેવાની રહેશે. આ નિર્ણયનો અમલ ઓકટોબર – ૨૦૦૮થી કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, અંડર ગ્રેજ્યુએટના વિઝીટીગ (મુલાકાતી અધ્યાપક)ની સમગ્ર બાબત અગાઉની ફી માટે બનાવવામાં આવેલી સમિતિને રીફર કરવી.

**૨૬.** યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ **(A)**, **(B)** માં નીચે જણાવેલ અભ્યાસક્રમોની જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી નો ઉલ્લેખ ન હોઈ, તે આમેજ કરી ફી નકકી કરવા અંગે વિચારણા કરવા બાબત.

| | | |
|---|---|---|
| **ઓર્ડિનન્સ–૬૬(એ)(અનુદાન પાત્ર)** | (૧) | ડિપ્લોમાં ફાર્મસી (**D. Pharm**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/વધારાની/ કાયમી) |
| **ઓર્ડિનન્સ–૬૬(બી) (સ્વનિર્ભર)** | (૧) | ડિપ્લોમાં ફાર્મસી (**D. Pharm**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૨) | બી.એસસી. (ફેશન અને એપરલ ડીઝાઈન) જોડાણ અરજી ફી (નવી/ચાલુ/વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૩) | બી.એસ.ડબલ્યુ (**BSW**) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૪) | બી.એસસી.(બાયોકેમેસ્ટ્રી) જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |
| | (૫) | અંડર ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ફાઈનાન્સીયલ મેનેજમેન્ટ જોડાણ અરજી ફી (નવી/ ચાલુ/ વધારાની/ કાયમી) તથા વિદ્યાર્થી દીઠ જોડાણ ફી |

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબત અંગે ઓડિનન્સમાં સુધારો સૂચવવાં નીચે મુજબની કમિટિની રચના કરવી.

(૧) આ. શ્રી યોગેશભાઈ એલ. ભટ્ટ (૨) શ્રી દિપકભાઈ આફ્રિકાવાલા

(૩) આ. શ્રી જે. એમ. નાયક (૪) આ. ડૉ. યુ. ટી. દેસાઈ (અધ્યક્ષશ્રી)

(૫) શ્રી ઘનશ્યામભાઈ રાવલ

**૨૭.** પ્રવર્તમાન ઓ. ૪૧ (૧) માં એનરોલમેન્ટ ફી ની જે જોગવાઈ છે તેમાં અને સમય મર્યાદા પુરા થયા પછી જે અરજીઓ એનરોલમેન્ટ માટે દંડ સાથે સ્વીકારવા અંગેની હાલ જે જોગવાઈ ઓ. ૪૧(૧) માં છે તે ઘણા વર્ષો પહેલાંની હોઈ એનરોલમેન્ટ ફી અને દંડની રકમમાં વધારો કરવા અંગે અને નીચે પ્રમાણેના સૂચિત ઓ. ૪૧ (૧) ના પાઠને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

( **નોંધ** :–પ્રવર્તમાન ઓ. ૪૧(૧) ની જોગવાઈ પ્રમાણે એનરોલમેન્ટ ફી પ્રત્યેક અરજીદીઠ રૂા.૩૦/– અને મોડી અરજીઓ પ્રતિદીન રૂા. ૧/– લેઈટ ફી સાથે સ્વીકારવા અંગેની છે.)

**O. 41 : (1)**

(1) The Principal of an affiliated College shall forward to the Registrar of the University latest by the 31st of August every year, all the applications of the students eligible for admission to this University under the relevant provisions of Statute 223, and admitted to the First Year of the Degree Course of this University for enrolment and shall at the same time pay a fee of Rs. 50/- per application. The Principal shall carefully scrutinize the enrolment application of each student before granting him / her admission. subject to the approval of the University. Pending such approval, the admission granted by the Principal to a student shall be at the risk of the respective student.

Notwithstanding anything contained herein above, the University may accept late applications for enrolment upto the end of the first term of the academic year, provided that a late fee of Rs. 250/- per application be charged for applications submitted from 1st September to 15th September and a late fee of Rs. 500/- per application be charged for application submitted from 16th September till the last working day of the 1st term of every academic year, provided further that the reasons for late submission are acceptable to the University. No application for enrolment shall however be accepted by the University in any case after the end of the first term of the academic year in which the admission is made and the attendance or Term / Terms kept by the student whose application not received before due date or whose delay in submitting the application is not condoned, shall be treated as cancelled.

(શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતને મંજૂર કરવી અને ઉપરોકત ઓર્ડીનન્સમાં નીચે મુજબનો ઉમેરો કરવો તથા આગામી સેનેટમાં જાણ સારૂ મૂકવો.

--- **Notwithstanding anything contained herein above, Vice Chancellor shall have power to extend the last dates in special circumstances.**

૨૮. શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,સુરતનાં રીડર ડૉ.રાયસીગભાઈ બી. ચૌધરીનાં માર્ગદર્શન હેઠળ શિક્ષણ વિષયમાં પીએચ.ડી. નાં અભ્યાસ માટે નોંધાયેલ વિદ્યાર્થી જયંતીલાલ પટેલની થીસીસ તપાસવા માટે એકેડેમિક કાઉન્સિલ ની તા. ૩–૦૨–૨૦૦૬ નીસભાએ બાબત ક્રમાંક–૪૨ અન્વયે નીચે મુજબનાં બાહ્ય નિષ્ણાંતોની નિમણૂંક કરવામાં આવી હતી.

(૧) **ડૉ. ભરત જોષી** – **ભાવનગર**

(૨) **ડૉ. કે. એસ. લિખીયા** – **વલ્લભ વિદ્યાનગર**

જયંતીલાલ પટેલ તરફથી રજૂ કરાયેલ થીસીસને બંને નિષ્ણાંતો તરફથી થીસીસ તપાસાયા બાદ પીએચ.ડી.ની પદવી માટે ડૉ. ભરત જોષીએ યોગ્ય ગણેલ નથી અને Thesis be rejected નીનોંધ દર્શાવેલ છે, જયારે ડૉ. કે. એસ. લિખીયા (વિદ્યાનગર) એ થીસીસમાં પ્રથમ વખત જરૂરી સુધારા–વધારા કરવા માટે રીવાઈઝડ થીસીસ રજૂ કરવા જણાવેલ, બાદમાં એમના બીજા રીપોર્ટમાં શોધનિબંધને પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવા ભલામણ કરેલ છે.ત્યારબાદ આદેશાનુસાર **ડૉ. એચ. ઓ. જોષી**ની ત્રીજા નિર્ણાયક તરીકે નિમણૂંક થતા તેમણે તેમના રીપોર્ટમાં " The Thesis be rejected " જણાવીને મહાનિબંધ પીએચ.ડી. પદવી આપવા માટે અસ્વીકાર કરેલ છે. જે અંગે O.Ph.D.10 (iv) તથા O. Ph.D. 12 ને ધ્યાને લઈ જરૂરી ચર્ચા વિચારણા કરવા બાબત.

**<u>O.Ph.D.10 (iv)</u>**

In case of difference of opinion between the two external referees, the syndicate shall appoint from the list recommended by the relevant authorities of the University, a third external referee. If the third external referee reports that thesis is not upto the standard for the award of the degree, no Viva-Voce Examination of the candidate shall be held and his report shall be placed before the syndicate for final decision. In case the third referee considers that there is prima facie case for the award of the degree, a Viva-Voce Examination of the candidate shall be held at which the internal referee and at least one of the external referees, who is in favor of the award of the degree, shall be present. The referees present at Viva-Voce Examination shall report jointly to the syndicate whether thesis be accepted for the award of the degree and the syndicate shall decide whether thesis should be accepted for the award of the degree and the decision shall be final provided, however, in case, where no internal referee is appointed the Registrar will arrange the Viva-Voce examination with the help of the external referees available.

Provided further that, in case of a candidate who after having submitted his/her thesis, has gone abroad and is likely to stay there for a period of at least a year, his/her Viva-Voce examination may at his/her request and at the discretion of the Syndicate be held in that country if the Board of studies in the relevant subject recommends Referee/s for holding the Viva-Voce examination of that candidate and provided also the candidate concerned undertakes to present him/herself before the Referee/s for Viva-Voce at his/her own expense.

**<u>O.Ph.D.12:-</u>**

A research for Ph.D. Degree work once rejected may be re-submitted after due revision and subject to the payment of fresh fee. A thesis so required to be revised, should be re-submitted within a period of not more than two years, failing which the candidate will be required to go in for re-registration. The revised thesis be sent to the same Referees as far as possible.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતમાં O. Ph.D. 12 મુજબ ઘટતી કાર્યવાહી કરવી.

**૨૯.** બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા. ૦૬ / ૦૮/ ૨૦૦૮ના રોજ મળેલી સભાની કાર્યવાહીની ભલામણ ક્રમાંક : ૨, ૬, ૮, ૯, ૧૦, ૧૧, ૧૩ અને ૧૪ પર વિચારણા કરવા બાબત.

(યુ. ક. અને શા.શિ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઓફ ફિઝીકલ એજયુકેશન અને રિક્રિએશનની તા. ૦૬ / ૦૮/ ૨૦૦૮ના રોજ મળેલી સભાની ભલામણ ક્રમાંક : ૨, ૬, ૮ને તા. ૨૬/ ૫/ ૨૦૦૫ના સિન્ડિકેટ ઠરાવ ક્રમાંક : ૩૫ની નોંધ લઈ બોર્ડની ભલામણ મંજૂર કરવી.

ભલામણ ક્રમાંક : ૯ જીમખાના ફીની નીચે મુજબ ફાળવણી કરવી.

૫૦ % – વિવિધ સ્પોર્ટસ અંગે ખર્ચ કરવો.

૪૦ % – અન્ય જીમખાના પ્રવાસ, મેગેઝીન વિગેરે પ્રવૃત્તિઓ માટે ખર્ચવા.

૧૦ % – રમત ગમતની સુવિધા માટે મૂડી યુકત ખર્ચ કરવા માટે.

ભલામણ ક્રમાંક : ૧૦ અને ૧૩ મંજૂર રાખવી અને ભલામણ ક્રમાંક : ૧૧ નામંજૂર કરવી ભલામણ ક્રમાંક : ૧૪ ને દૈનિક ભથ્થું રૂા. ૯૦/– ને બદલે રૂા. ૧૦૦/–ના સુધારા સહિત મંજૂર રાખવી.

## ૩૦. મા. કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**૩૦.૧.** યુનિવર્સિટીના નીચે જણાવેલ અનુસ્નાતક વિભાગોમાં આગામી તા.: ૩૧- ૧૦ -૨૦૦૮ના રોજ વય મર્યાદાના કારણે નિવૃત્ત થનાર જે તે વિભાગના પ્રોફેસર એન્ડ હેડ તેઓના નામની સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષ પૂરા કરે છે. તેઓની અધ્યક્ષની જગા પર પ્રવર્તમાન સ્ટેચ્યુટ-૨૯૩માં કરેલ જોગવાઇ અંતર્ગત જે તે વિભાગના અન્ય શ્રેયાંન કર્મચારીની કાયમી અધ્યક્ષ તરીકેની નિમણૂંક કરવા અને અનુસ્નાતક વિભાગોમાં અધ્યક્ષ તરીકેની તમામ ફરજો સોંપવા અંગે સ્ટેચ્યુટ-૨૯૩ અને ઓર્ડિનાન્સ-૩૭ (સી)ના પાઠને ધ્યાને લઇ માનનીય કુલપતિશ્રીએ લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

| ક્રમ | કર્મચારીનું નામ | વિભાગનું નામ | ૬૨-વર્ષ પૂરા થવાની તારીખ | તે વિભાગના શ્રેયાન કર્મચારીનું નામ અને હોદ્દો | હેડ તરીકે નિમણૂંક આપવાની થતી તા. |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૪) | (૫) |
| ૧ | ડૉ. પી. કે. ભટ્ટ | અર્થશાસ્ત્ર | ૨૮ - ૮- ૨૦૦૮ | ડૉ.સુભદ્રા રાઘોથામન, પ્રોફેસર (CAS) | ૨૯- ૦૮-૨૦૦૮ |
| ૨ | ડૉ.કે.આર. દેસાઇ | રસાયણશાસ્ત્ર | ૧૯ - ૯- ૨૦૦૮ | ડૉ. પ્રતાપ બહાદૂર, પ્રોફેસર | ૨૦ - ૦૯-૨૦૦૮ |

<u>નોંધ :- ૧) સ્ટેટયુટ - ૨૯૩ (**Statute 293**) માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે.</u>

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full lime teacher not below the rank of a Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16 (I) Class I (C) (i) and Section 19 (1) (vi).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

<u>૨) **Ordinance – 37- C** માં નીચે મુજબ જોગવાઇ કરવામાં આવી છે..</u>

(i) There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate as per the Provisions made in Statute-293.

(ii) For the purpose of appointment, the seniority shall be counted on the basis of the Date of Joining as a Reader or Professor, as the case may be, irrespective of whether the appointment is made under Direct Recruitment or Career Advancement Scheme.

(iii) This Ordinance shall be applicable forthwith.The Syndicate shall make necessary changes/ alterations in the appointments made earlier in order to give effect of this provision.

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૩૦.૨.** વિજ્ઞાન, વાણિજ્ય, વિનયન અને શિક્ષણ વિદ્યાશાખાની ગ્રાંટેડ કોલેજો માટે સિન્ડિકેટે તેની તા. ૧૬ – ૦૭ – ૦૮ની સભાનાં ઠરાવ ક્રમાંક : ૨૬થી સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ આંતરિક પરીક્ષા ફી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં સત્રદીઠ ફી રૂા. ૬૦/ – અને વિજ્ઞાન વિદ્યાશાખાની સત્રદીઠ રૂા. ૭૦/– નકકી થઈ હતી તેના સંદર્ભે કાનૂની વિદ્યાશાખાની આતંરિક પરીક્ષા ફી સિન્ડિકેટ વતી સત્રદીઠ રૂા. ૬૦/– મંજૂર કરવાના મા. કુલપતિશ્રીનાં પગલાની નોંધ લેવા બાબત.

(શૈક્ષણિક)

:: સદર બાબતની નોંધ લીધી.

**૩૦.૩.** સરકારશ્રીના શિક્ષણ વિભાગના **(૧)** ઠરાવ ક્રમાંક : દગય-૧૩૦૫-૧૬૨૯-ખ તા.૧૯/૯/૨૦૦૫ થી મંજૂર થયેલ વિવિધ જગાઓ પૈકી ૦૧ (એક) ઓડીટરની જગા તથા **(૨)** તા.૨૫/૧૦/૨૦૦૫ થી મંજૂર થયેલ ૦૧ (એક) જુનિયર લાયબ્રેરી આસિસ્ટન્ટ અને ૨૨ (બાવીસ) જુ.કલાર્ક / ટાઇપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક) ની જગાઓ પર સરકારશ્રીની બોલીઓ અને શરતોને આધિન શરૂઆતમાં ૦૨ (બે) વર્ષ અને ત્યારબાદ કામગીરી સંતોષકારક જણાય તો બાકીના ૦૩ (ત્રણ) વર્ષ એમ કુલ ૦૫ (પાંચ) વર્ષ કરાર આધારીત **(ક)** ૦૧ (એક) ઓડીટરની રૂા.૪,૫૦૦/- **(ખ)** ૨૨ (બાવીસ) જુ.કલાર્ક / ટાઇપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર કમ કલાર્ક) ની રૂા.૨,૫૦૦/- ના માસિક ફીકસ પગારથી કરવામાં આવેલ નિમણૂંક સબબ સદર જગા પર નિમણૂંક પામેલ કર્મચારીઓના તા.૧૧/૬/૨૦૦૮ ના રોજ ૦૨ (બે) વર્ષ પૂરા થતાં હોવાથી, જે તે વિભાગમાંથી જે તે કર્મચારીના C.R. મંગાવતા દરેક કર્મચારીઓના C.R. સંતોષકારક હોય, જે સબબ માનનીય કુલપતિશ્રીએ પાંચ વર્ષીય કરવામાં આવેલ કરારને બાકીના ૦૩ (ત્રણ) વર્ષ માટે ચાલુ રાખવા લીધેલ પગલાની નોંધ લેવા બાબત.

**(નોંધ :૦૧(એક) જુનિયર લાયબ્રેરી આસિસ્ટન્ટની જગા પર નિમણૂંક પામેલા કર્મચારી તા.૫/૧૧/૨૦૦૭ ના કાર્યાલય સમય બાદ રાજીનામુ આપી છુટા થયેલ છે.)**

(વહીવટી)

:: સદર બાબતની નોંધ લીધી.

**૩૧.** યુનિવર્સિટીના પરીક્ષા વિભાગના ગોડાઉનમાં માર્ચ/ એપ્રિલ અને ઓકટોબર/ નવેમ્બર – ૨૦૦૬ તથા માર્ચ/ એપ્રિલ અને ઓકટોબર – ૨૦૦૭ની તમામ પરીક્ષાઓની ઉત્તરવહી પ્રલ્પ ( માવો બનાવવા ) આપવાની થતી હોય પ્રસ્તુત ઉત્તરવહીઓના નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત....

**નોંધ :** ઉપરોકત ઉત્તરવહીઓ પૈકી.

૧) ટી. વાય. બી.એ. સોસીયોલોજી એપ્રિલ – ૨૦૦૬

૨) એમ. બી. એ. (ફર્સ્ટ સેમેસ્ટર) ડીસેમ્બર – ૨૦૦૬

૩) એમ. કોમ. પાર્ટ – ૧ અને ૨ એપ્રિલ – ૨૦૦૭ (રેગ્યુલર)

૪) ઈજનેરી વિદ્યાશાખા ૧ થી ૪ સેમેસ્ટર – એપ્રિલ – ૨૦૦૭

૫) મેડીકલ વિદ્યાશાખા એપ્રિલ – ૨૦૦૭

૬) એમ. એ. પાર્ટ – ૨ (પોલીટીકલ સાયન્સ) એપ્રિલ – ૨૦૦૭

૭) પત્રકારત્વ – એપ્રિલ – ૨૦૦૭

ઉપર મુજબની પરીક્ષાની ઉત્તરવહીઓ પલ્પમાં ન આપતાં અલાઈદી રાખીએ.

(પરીક્ષા)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, ઉપર મુજબની પરીક્ષાની ઉત્તરવહીઓ પલ્પમાં ન આપતાં અલાઈદી રાખવી તથા બાકીની ઉત્તરવહીઓ નિકાલ કરવા માટે મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૩૨.** શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯માં બી. એડ્.નો સ્વનિર્ભર અભ્યાસક્રમ શરૂ કરવા માટે જય ઓમગાયત્રી ટ્રસ્ટ, ભેસ્તાન, વડોદ, જિ. સુરતની મળેલ જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તા. ૨૫ – ૭ – ૨૦૦૮ સુધીમાં યુનિવર્સિટીને NCTEની મંજૂરીનો પત્ર મળે અને યુનિવર્સિટીને તે અંગેની જાણ થાય તો શૈક્ષણિક વર્ષ : ૨૦૦૮ – ૨૦૦૯ના ૧ વર્ષ માટે એક વર્ગનું નવું જોડાણ મંજૂર કરવા તથા પ્રવેશ આપવા અન્યથા પ્રવેશ નહી આપવા એકેડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ સિન્ડિકેટે, સ્વીકારેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

( સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતમાં મુદ્દતમાં વધારો આપવો નહીં અને બાબતને નામંજૂર કરવી.

**૩૩.** બી. એસસી. એન્ડ એમ. એસસી. બાયોટેકનોલોજીની નિયુકત (એડહોક) સમિતિએ તેની તા.૦૯–૦૪– ૦૭ની સભાના ઠરાવ ક્રમાંક : (૩) અન્વયે તૈયાર કરેલ એમ. એસસી. બાયોટેકનોલોજી પાંચ વર્ષીય ઈન્ટીગ્રેટેડ કોર્સમાં પ્રથમ વષીર્ય (Annual System) અભ્યાસક્રમ તેના આનુસાંગિક ફેરફારો સહિતનું માળખું એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૨–૦૬– ૦૭ ના ઠરાવ ક્રમાંક : ૮૩ અન્વયે સ્વીકારેલ છે. પ્રસ્તુત અભ્યાસક્રમ સાથે તેનું ફી સ્ટ્રકચર પણ સામેલ છે. એવી જાણ વિભાગના વડાશ્રી તરફથી આજરોજ થતાં પ્રસ્તુત ફી સ્ટ્રકચર મંજૂર કરવા તથા તેનો અમલ ૨૦૦૭થી કરવા અંગે વિચારણા કરવા બાબત.

( શૈક્ષણિક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી.

**૩૪.** મેડિકલ ફેકલ્ટીનાં પીએચ.ડી. રજીસ્ટ્રેશન માટેની પાત્રતા નકકી કરવા અંગે તબીબી વિદ્યાશાખાની તા.૧૪ – ૦૫ – ૨૦૦૮ ની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩–૦૫–૨૦૦૭ ની સભાના ઠરાવ ક્રમાંક : ૪૦ થી સ્વીકારી કરેલ નીચેની ભલામણ પર વિચારણ કરવા બાબત.

**<u>તબીબી વિદ્યાશાખાની તા.૧૪ – ૦૫ – ૨૦૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૧૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, Medical Council of India ના P.G. Regulation 2000 ના પાના નં.૧૯ મુંજબ MBBS M.D., M.S.<u>OR</u> P.G. Diploma અથવા Medical Subject જેવી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને ગણવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, M.D., M.S થયેલ ઉમેદવારને ૨ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે અને P.G. Diploma અથવા Medical Subject થયેલા વિદ્યાર્થીઓ ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોઈ તેમને પીએચ.ડી. રજીસ્ટ્રેશન માટે પાત્રતા ગણાવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

**<u>એકેડેમિક કાઉન્સિલની તા.૨૩ – ૦૫ – ૨૦૦૮ ની સભાની ભલામણ ક્રમાંક : ૪૦</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, Medical Council of India ના P.G. Regulation 2000 ના પાના નં.૧૯ મુજબ MBBS M.D., M.S.OR P.G. Diploma અથવા Medical Subject જેવી પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને નીચે મુજબ શરતો પૂર્ણ કરતા હોય તો પીએચ.ડી. નોંધાવી પાત્ર ગણવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, M.D., M.S. થયેલ ઉમેદવારને ૨ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. અને P.G. Diploma અથવા M.Sc. Medical Subject થયેલા વિદ્યાર્થીઓ ૩ વર્ષનો અનુભવ ધરાવતા હોઈ તેમને પીએચ.ડી. રજીસ્ટ્રેશન માટે પાત્ર ગણવા અંગેની તબીબી વિદ્યાશાખાની તા.૧૪–૦૫–૨૦૦૮ ની સભાની ભલામણ સંદર્ભે સંલગ્ન પીએચ.ડી. રૂલ્સ અને ઓર્ડિનન્સ સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**<u>નોધ</u>** :– (૧) O.Ph.D. 1(I) 1 to 7 ની નકલ સામેલ છે, જેને બી.યુ.ટી. તા.૦૨–૦૯–૨૦૦૬ના ઠરાવનં.૩, એકેડેમિક કાઉન્સિલની તા.૦૫–૧૦–૨૦૦૬ના ઠરાવનં.૩૭ તથા સિન્ડિકેટની તા.૧૭ –૧૦– ૨૦૦૬ ના ઠરાવ નં. ૧૫ થી મંજૂરી આપવામાં આવેલ છે.

**<u>સુધારા સહિતનો નિયમ નીચે મુજબ છે</u>**

(૨) **<u>O.Ph.D. 1(I) 1</u>**

"No student shall be registered for the Ph.D. Degree under any faculty unless he/she has passed the Master's Degree examination with 55% marks (relaxation for reserved category candidate will be applicable as perprevailing rules) Provided that the Faculty of Medicine a student may be registered for the Ph.D. Degree if he/she has passed the **<u>M.D., M.S. Degree holder required 02(two) years & P.G. Diploma or M.Sc.(Medical) Degree holder required 03 years experience.</u>**

( અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને મંજૂર કરવી.

**૩૫.** તા. ૨૨–૦૯–૨૦૦૮ના રોજ મળેલ પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતીની સભાની કાર્યવાહીની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક : (**૨** અને **૩** ) પર વિચારણા કરવા બાબત.

**૨. યુનિવર્સિટીના પરીક્ષા ભવન અંગે SVNIT તરફથી મળેલ રીપોર્ટ અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ખાતે બંધાઈ રહેલ પરીક્ષા ભવન માટે SVNIT, Surat દ્વારા આપવામાં આવેલ રીપોર્ટ ઉપર સઘન ચર્ચા વિચારણાના અંતે પ્રસ્તુત રીપોર્ટ યથાવત સ્વીકરવા ભલામણ કરવામાં આવે છે. આ ઉપરાંત થનાર વધારાનો થનાર ખર્ચ રૂા. ૫૩,૯૬,૭૨૨/– મંજૂર કરી તેનો ખર્ચ પરીક્ષા ફંડમાં ઉધારવાનો રહેશે. હાલમાં આ મકાનમાં થયેલ કામના બીલની ચૂકવણી કરવી. આ ઉપરાંત કામની સમયમર્યાદા તા. : ૩૦ – ૧૧– ૨૦૦૮ સુધી લંબાવવા તથા વિજળીકરણનું કામ સાથે સાથે પૂર્ણ કરવા અંગે સહિતની કામગીરી મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**૩. DAY CARE CENTRE ના બાંધકામ માટે મળેલ ટેન્ડર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, **DAY CARE CENTRE**ના બાંધકામ માટે મળેલ મેઘા કન્સ્ટ્રકશન, સુરતને તેમના ભરેલ ટેન્ડર માટે કમિટી સમક્ષ રૂબરૂ ચર્ચા માટે બોલાવવામાં આવ્યા હતા, તેમની સાથે થયેલ ચર્ચા મુજબ ટેન્ડરમાં ભરેલ કુલ રકમ રૂા. ૭૬,૮૪,૩૫૦/– પર ૧% નો ઘટાડો કરી રૂા. ૭૬,૦૭,૫૦૬.૫૦ માં કામ કરવા લેખિત સંમતિ આપી હોય, આ ટેન્ડર મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

**( નોંધ :** ઉપરોકત રકમ પૈકી રૂા. ૪૫,૦૦,૦૦૦/– ૧૧મી પંચવર્ષીય યોજના હેઠળ ફાળવવાનો રહેશે તેમજ ત્યારબાદ થનાર બાકીના રૂા.૩૧,૦૭,૫૦૬.૫૦ સિવિલ વર્કનો ખર્ચ તથા ઈલેકટ્રીફીકેશન, આર્કિટેકટ ફી સહિતનો તમામ ખર્ચ સેન્ટ્રલ ડેવલપમેન્ટ ફંડ હેઠળ ફાળવવાનો રહેશે.**)**

(બાંધકામ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રતિષ્ઠાન વિકાસ અને બાંધકામ સમિતીની તા. ૨૨– ૦૯ – ૨૦૦૮ની સભાની ભલામણ ક્રમાંક : ૩ ને મંજૂર કરવી અને ભલામણ ક્રમાંક : ૨ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે.

– **SVNIT** નો રીપોર્ટ સ્વીકારવો તથા પરીક્ષા ભવનનું બાંધકામ પૂર્ણ કરવું. બાકી રહેતું ચૂકવણું **(Payment)** પરીક્ષા ફંડ માંથી કરવું અને ૨ (બે) મહીનામાં બાંધકામ પૂર્ણ કરવાનું કોન્ટ્રાકટરને જણાવવું.

**૩૬.** યુનિવર્સિટી સંચાલીત બી. એ, બી. કોમ તથા એમ. એ – એમ. કોમ. (એક્ષર્ટનલ) અભ્યાસક્રમોની પ્રવેશ – નોંધણી તથા પરીક્ષાલક્ષી કામગીરી યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ – કોમર્સ કોલેજો તથા પી. જી. સેન્ટરો દ્વારા કરાવવી તથા બાહ્ય પરીક્ષાઓની કામગીરી અંગેની માર્ગદર્શિકા પર વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને યથાવત મંજૂર કરવી.

**૩૭.** એકેડેમિક કાઉન્સિલની તા.૨૩–૫–૨૦૦૮ના ઠરાવ ક્રમાંકઃ (૭૧)થી નિયુકત સમિતિની સભા તા. ૧૯ – ૭ – ૨૦૦૮ના રોજ મળી હતી જેમાં ઈ. ચા. આચાર્ય નિમવા અંગેની સમિતિએ કરેલ નીચે મુજબની ભલામણ પર વિચારણા કરવા અંગે ....

(૧) આચાર્યના પદ માટેની લાયકાત ધરાવતા પ્રથમ ત્રણ અધ્યાપકો પૈકી કોઈ પણ એકને ઈ. ચા. આચાર્ય પદે નીમી શકાશે.

(૨) આચાર્ય પદ માટેની લાયકાત ધરાવનાર પ્રથમ ત્રણ શ્રેયાન અધ્યાપકો પૈકી કોઈ પણ અધ્યાપક લાયકાત ધરાવતા ન હોય તો પ્રથમ ત્રણ શ્રેયાન અધ્યાપકો પૈકી કોઈ પણ એક અધ્યાપકને નિમણૂંક આપી શકાશે.

(સિન્ડિકેટ)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતને **પરિશિષ્ટ : " ઠ "** માં દર્શાવ્યા મુજબ મંજૂર કરવી અને તેનો અમલ સિન્ડિકેટની સભાની તા. ૨૪ – ૯ – ૨૦૦૮ની તારીખથી કરવો તથા આગામી સેનેટમાં જાણ સારૂ મૂકવો.

**(પરિશિષ્ટ : ' ઠ ')**

**અધ્યક્ષશ્રીની સંમતિથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી હતી.**

**૩૮.** સને ૨૦૦૭–૦૮ માટે યુનિવર્સિટીની અનુસ્નાતક શિષ્યવૃત્તિ અને શિક્ષણ લવાજમ સહાય એનાયત કરવા માટે સિન્ડિકેટની તેની તા.૦૬–૦૨–૨૦૦૮ નાં ઠરાવ નં. ૦૭ અન્વયે નીમેલી સમિતિની તા.૨૭– ૦૫–૨૦૦૮ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક)

:: આથી ઠરાવવામાં આવે છે કે, પી. જી. શિષ્યવૃત્તિ ગત વર્ષની યથાવત મંજૂર કરવી.

**૩૯.** યુનિવર્સિટીની ખાલી પડતી શૈક્ષણિક/બિન શૈક્ષણિક જગ્યાઓની નિમણૂંક માટે વિષય નિષ્ણાંતની પેનલ નકકી કરવા બાબત.

(વહીવટી)

:: આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓની ભરતી કરવા માટે વિષય નિષ્ણાંતોની નિયુકિત કરવાની મા. કુલપતિશ્રીને સત્તા આપવી.

**૪૦.** એસ.બી.ગાર્ડા અને પી.કે.પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારીમાં ઈન્ચાર્જ આચાર્ય શ્રી ભગવાનદાસ પંચાસરા સામે છેલ્લા કેટલાક સમયથી અધ્યાપકોનો કાર્યભાર, વર્ગખંડોની પરિસ્થિતિ, સરપ્લસ અધ્યાપકોની બાબત, નોકરીને લગતા દસ્તાવેજો, સેવાપોથીમાં અનિયમિતતા, કોલેજમાં અધ્યાપકોની મારામારી, જેવી અનેક ફરીયાદો મળેલ છે. વિદ્યાર્થીઓ ધ્વારા વિષયોની ફાળવણી, દંડ કરવો, રસીદ ન આપવી, વિદ્યાર્થી પ્રવૃત્તિના હિસાબોનું ઓડિટ ન કરાવવું તથા તેની માહિતી ન આપવી, જેવી નાણાંકીય ગેરરીતિઓની અનેક ફરીયાદો યુનિવર્સિટીને મળેલ હતી. નવસારીના વરિષ્ઠ આગેવાનો ધ્વારા પણ આ કોલેજમાં ઈન્ચાર્જ આચાર્ય ધ્વારા આચરાતું આપખુદશાહી વલણ અને અરાજકતાભરી પરિસ્થિતિ અંગે કુલપતિશ્રીને રૂબરૂ મળી લેખિતમાં આવેદનપત્ર આપવામાં આવેલ હતું. વિષયની ગંભીરતાને ધ્યાને લઈ મા.કુલપતિશ્રી ધ્વારા તમામ વિષયો અંગે અહેવાલ આપવા માટે નીચેના આચાર્યોની Fact Finding Committee ની રચના કરવામાં આવી હતી.

૧. આચાર્યશ્રી જે. એમ. નાયક
૨. આચાર્યશ્રી વી. ડી. નાયક
૩. આચાર્યશ્રી વિક્રમભાઈ દેસાઈ

ઉપરોકત સમિતિના સભ્યોની કોલેજની મુલાકાત અંગે ઈન્ચાર્જ આચાર્ય તથા મંડળને યુનિવર્સિટી ધ્વારા પૂર્વ જાણ કરવામાં આવી હતી. આમ છતાં ઈન્ચાર્જ આચાર્ય ધ્વારા સંપૂર્ણ અસહકારભર્યુ વાણી વર્તન સમિતિના સભ્યો સાથે દાખવવામાં આવ્યું. સમિતિના સભ્યોનો અહેવાલ સામેલ છે. કોલેજના ઈન્ચાર્જ આચાર્ય ધ્વારા આપખુદીભર્યુ વર્તન તથા યુનિવર્સિટીના આદેશોની અવગણના કરવા બદલ ઘટતી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટ)

:: આથી બહુમતીએ ઠરાવવામાં આવે છે કે, **Fact Finding Committee** ના અહેવાલને આધારે ઈ. ચા. આચાર્યશ્રી દ્વારા યુનિવર્સિટીના આદેશોની અવગણના કરવા બદલ તેમનો ખુલાસો મંગાવી આગળની ઘટતી કાર્યવાહી કરવી.

**૪૧.** ડી. બી. આઈ. એમ. ના એમ. બી. એ.ના વિદ્યાર્થીઓ દ્વારા Elective Paper બાબતની રજૂઆત કરવા બાબત.

(ડી. બી. આઈ. એમ.)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબતે નીચે મુજબની સમિતિની રચના કરવી.

(૧) શ્રી ઘનશ્યામભાઈ રાવલ (કન્વીનર) (૨) શ્રી સંજયભાઈ દેસાઈ

(૩) શ્રી હેમંતભાઈ ટોપીવાલા

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એમ. બી. એ.નાં એ. ટી. કે. ટી. (A. T. K. T.) જૂના વિદ્યાર્થીઓને ખાસ કેસમાં આ વર્ષે જૂના અભ્યાસક્રમ (Syllebus) મુજબ પરીક્ષા આપવાની આખરી તક આપવી.

**૪૨.** મા. સિન્ડિકેટ સભ્યશ્રી દિનેશભાઈ દાસા દ્વારા મૌખિક રજૂઆત થઈ કે ગ્રેજયુએશનમાં ૪૫ % થી ઓછા ટકા હોય અને માર્કશીટ યુનિવર્સિટીમાં સરેન્ડર કરે તો તે ગ્રાહ્ય રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા)

:: આથી ઠરાવવામાં આવે છે કે, સદર બાબત અંગે નીચે મુજબની સમિતિ નીમવી.

(૧) શ્રી દિનેશભાઈ દાસા (કન્વીનરશ્રી) (૨) આ. શ્રી જે. એમ. નાયક

(૩) ડીનશ્રીઓ – આર્ટ્સ, સાયન્સ, કોમર્સ, અને લો.

**અધ્યક્ષશ્રીની સંમતિથી અન્ય જે કોઈ બાબત રજૂ થાય તે.**

યુનિવર્સિટી કાર્યાલય, સુરત.
ક્રમાંકઃ એસ–૧ (૧)/ ૧૧૨૫૪/૨૦૦૮. **કુલસચિવ**
તા. ૧૦ – ૧૦ –૨૦૦૮.
પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ……